કોરોના વાયરસ (Covid-19) કારણે ઉદભવેલ અસાધારણ પરિસ્થિતિમાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવા બાબત.

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંક : જીયુવી-૧૨૨૦૨૦-૩૪૫-ક.૧
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
નવા સચિવાલય, ગાંધીનગર.
**તારીખ : ૧૧-૦૫-૨૦૨૦**

**વંચાણે લીધા :-**

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તારીખ ૨૭-03-૨૦૨૦નો ઠરાવ ક્રમાંક : જીયુવી-૧૨૨૦૨૦-૩૪૫-ક.૧.

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તારીખ 30-03-૨૦૨૦નો સુધારા ઠરાવ ક્રમાંક : જીયુવી-૧૨૨૦૨૦-૩૪૫-ક.૧.

(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તારીખ ૨૦-૦૪-૨૦૨૦નો પત્ર ક્રમાંક : જીયુવી-૧૨૨૦૨૦-૩૪૫-ક.૧.

(૪) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો તારીખ ૦૪-૦૫-૨૦૨૦નો ઇ-મેઇલ.

**ઠરાવ :-**

કોરોના વાયરસ (Covid-19)ના કારણે ઉદભવેલ અસાધારણ પરિસ્થિતિનાં કારણે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા "લોકડાઉન"ના આદેશો આપવામાં આવેલ છે. જેને કારણે વીજ ગ્રાહકોને વીજ બિલ ભરવામાં પડતી મુશ્કેલી તથા વેપાર / ધંધા / ઉદ્યોગો બંધ થતાં ન્યૂનતમ વીજ બિલનાં ભારણને નિવારવા વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત આપવા માટે વંચાણે લીધા ક્રમાંક (૧) સામેનાં વિભાગના તારીખ ૨૭-03-૨૦૨૦ ઠરાવથી જરૂરી રાહત આપવામાં આવેલ હતી. ત્યારબાદ પ્રસ્તુત બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના તારીખ 30-03-૨૦૨૦ ઠરાવથી જરૂરી સુધારો કરવામાં આવેલ. વધુમાં આ બાબતે જરૂરી મેથડોલોજી માટે વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેનાં વિભાગના તારીખ ૨૦-૦૪-૨૦૨૦ પત્રથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડને જરૂરી સૂચનાઓ પાઠવવામાં આવેલ.ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તેમના વંચાણે લીધા ક્રમાંક (૪) સામેના ઇ-મેઇલથી તેઓને ગ્રાહકોને વીજ બીલ ઇસ્યુ કરવા પડતી મુશ્કેલી સંદર્ભે કેટલીક સ્પષ્ટતાઓ કરવા વિભાગને જણાવેલ હતુ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પ્રસ્તુત બાબતે પુખ્ત વિચારણાને અંતે, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના નાના અને મધ્યમ વર્ગના વીજ ગ્રાકનો બિલમાં રાહતો આપવા માટે નીચે મુજબનાં નિર્ણયો લેવાનું ઠરાવવામાં આવે છે.

(૧) જે વીજ ગ્રાહકોને તારીખ ૦૧-03-૨૦૨૦ થી તારીખ 30-૦૪-૨૦૨૦નાં સમયગાળાના વીજ બિલ આપવામાં આવી રહેલ છે તેવા તમામ પ્રકારનાં વીજ ગ્રાહકો હવે તારીખ 30-૦૫-૨૦૨૦ સુધીમાં વીજ બિલ ભરી શકશે તેમજ ઉપરોક્ત છૂટછાટનાં સમયગાળામાં રાજ્યની તમામ વીજ વિતરણ કંપનીઓ દ્વારા વીજ જોડાણ કાપવાનાં રહેશે નહીં કે કોઇપણ પ્રકારનાં વિલંબીત ચૂકવણી ચાર્જની પણ વસૂલાત કરવાની રહેશે નહીં.

(૨) અગાઉ રાજ્ય સરકારે રાજ્યની તમામ વીજ વિતરણ કંપનીના **માત્ર લોકડાઉનના કારણે બંધ રહેલ હોય તેવા LT વીજ કનેકશન ધરાવતાં વેપાર / ઉદ્યોગોના વીજ ગ્રાહક** પાસેથી તેઓનાં એપ્રિલ માસનાં વીજ બિલમાં મિનિમમ ચાર્જ એટલે કે Demand / Fixed Charges ની ભરપાઇ કરવામાંથી મુક્તિ આપી ફક્ત તેમણે કરેલ વપરાશ અનુસારનું જ બિલ આકારવાનો નિર્ણય કરેલ.

હવે રાજ્ય સરકાર દ્વારા રાજ્યના નાના અને મધ્યમ વેપાર / દુકાન / ઉદ્યોગોને વધુ આર્થિક રાહત આપવાના **આશયથી લોક ડાઉન દરમ્યાન બંધ રહેલ હોય કે ચાલુ રહેલ હોય તેવા રાજ્યની તમામ વીજ વિતરણ કંપનીઓના તમામ LT વીજ કનેકશન ધરાવત વેપાર / દુકાન / ઉદ્યોગોને** અપ્રિલ માસના વીજ બિલમાં મિનિમમ ચાર્જ એટલે કે Demand / Fixed Charges ની ભરપાઇ કરવામાંથી મુક્તિ આપી ફક્ત તેમણે કરેલ વપરાશ અનુસારનું જ બિલ આકારવામાં આવશે.

(૩) રાજ્યની તમામ વીજ વિતરણ કંપનીઓનાં તમામ HT વીજ ગ્રાહકોનાં કિસ્સામાં સ્પષ્ટતા કરવાની કે, જે HT વીજ ગ્રાહકે અપ્રિલ માસમાં લોક ડાઉન અગાઉના ત્રણ માસમાં કરેલ સરેરાશ વીજ વપરાશ કરતાં ૫૦ % કરતાં ઓછો વીજ વપરાશ કરેલ હશે, તેવા વીજ ગ્રાહકોને જ તેઓનાં એપ્રિલ માસનાં બિલમાં મિનિમમ ચાર્જ એટલે કે Demand / Fixed Charges ની ભરપાઇ કરવામાંથી મુક્તિ આપવામાં આવશે અને ફક્ત તેમણે કરેલ વપરાશ અનુસારનું જ બિલ આકારવાનું રહેશે.

(૪) લોકડાઉનનાં સમયગાળા દરમિયાન કાર્યરત રહેલ આવશ્યક સેવાઓ જેવી કે બેન્ક, ટેલિકોમ, રિફાઇનરી, પેટ્રોકેમિકલ્સ કોમ્પ્લેક્ષ, ડેરી અને હોસ્પિટલોને આ ઠરાવની શરત નંબર (૨) અને (૩) લાગુ પડશે નહીં.

(૫) ખાનગી હોસ્પિટલોનાં કિસ્સામાં, તેઓએ અપ્રિલ માસમાં લોક ડાઉન અગાઉના ત્રણ માસમાં કરેલ સરેરાશ વીજ વપરાશ કરતાં ૫૦ % કરતાં ઓછો વીજ વપરાશ કરેલ હશે તો તેવી ખાનગી હોસ્પિટલોને પણ અપ્રિલ માસના વીજ બીલમાં મિનિમમ ચાર્જ એટલે કે Demand / Fixed Charges ની ભરપાઇ કરવામાંથી મુક્તિ આપવામાં આવશે અને ફક્ત તેમણે કરેલ વપરાશ અનુસારનું જ બિલ આકારવામાં આવશે.

(૬) આ માટેનું નાણાકીય ભારણ જે તે વીજ વિતરણ કંપનીએ ભોગવવાનું રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(રોનક મોદી)
ઉપસચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. ઉર્જા મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. ઉર્જા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓનાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ, વડોદરા.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ.

- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ, સુરત.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ, વડોદરા.
- એક્ઝિક્યુટીવ ડિરેક્ટરશ્રી, ટોરેન્ટ પાવર લિમિટેડ, ઝોનલ ઓફિસ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ.
- વિભાગની સર્વે શાખાઓ.
- ના.સે. અધિ. અંગત ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.